જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ, ૩૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૯૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૭૯, ૦૧ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ અનીશકુમાર સ/ઓ જીતેન્દ્ર સિંઘ (ઉ.વ.૪૧)(રહે.ભદ્રેશ્વર હાઉસીંગ સોસાયટી, ભદ્રેશ્વર, સરદારનગર) એ તા.૦૯/૧૦/૨૦૨૫ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૫ થી તા.૨૬/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વોટ્સએપ નંબર ૯૯૮૫૭૧૩૩૬૦ પરથી કંપનીના ડાયરેક્ટર તરીકે મેસેજ કરનાર અજાણ્યો ઈસમ (૨) ઈ–મેઈલ આઈ.ડી. tanaka-takasi@cb4.so-net.ne.jp પરથી ઈ–મેઈલ કરનાર અને (૩) છેતરપીંડીના નાણા મેળવનાર બેંક ખાતા ધારકોએ ભેગામળી અનીશકુમારની કંપનીના ઈ–મેઈલ આઈ.ડી. jagatagrotech1375 @gmail.com ઉપર અજાણ્યા ઈ–મેઈલ આઈ.ડી. tanaka-takasi@cb4.so-net.ne.jp પરથી ઈ–મેઈલ કરી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઈ–મેઈલ ભારત સરકાર, વિત્ત મંત્રાલય, ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટ તથા ઈ.ડી.ના નામથી ઈ–મેઈલ મોકલી કંપનીમાં ટેક્સ સંબંધીત અનિયમિતતા મળી આવેલ હોવાનું જણાવી, ૭૨ કલાકમાં આ સાથે સામેલ દસ્તાવેજો આયકર વિભાગ સામે રજૂ કરવા અનિવાર્ય છે તેમ કહી, ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની bit.ly/488jtIn નામની લિંક મોકલી આપી, જે લિંકથી અનીશકુમારએ ડોક્યુમેન્ટ્સ ડાઉનલોડ કરવા માટે વારંવાર ક્લિક કરવા છતા ડોક્યુમેન્ટ ડાઉનલોડ થયેલ નહી પરંતુ તે લિંકમાં આરોપીએ કોઈ વાયરસ મોકલી કંપનીની રૂટીન પ્રક્રિયાઓ જાણી લઇ, તેના ઉપયોગથી અનીશકુમારના કોમ્પ્યુટરનો એક્સેસ મેળવી લઇ, તેના ઉપયોગ થી અનીશકુમારના વોટ્સએપ વેબમાં પ્રવેશ કરી, અનીશકુમારના ફોનમાં Prahlad Rathi (Boss) નામથી તેમના શેઠ પ્રહલાદભાઈ રાઠી નાઓના મોબાઈલ નંબર ૯૮૨૫૦૫૯૦૯૨ ને બીજા અજાણ્યા મોબાઈલ નંબર ૯૯૮૫૭૧૩૩૬૦ થી બદલી કરી, ખોટી રીતે Prahlad Rathi (Boss) નામથી સેવ કરી, તા.૨૫/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગે મોબાઈલ નંબર ૯૯૮૫૭૧૩૩૬૦ ના ધારકે કંપનીના બોસ તરીકે મેસેજ કરી, બેંક ઓફ બરોડાના FYT FLYUTRAVELS PRIVATE LIMITED નામના ખાતામાંથી કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/– ટ્રાન્સફર કરવા જણાવી, અનીશકુમાર ની જગત એગ્રોટેક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની સાથે કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/– છેતરપીડીં અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.ભેટારીયા ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૫**

નરોડાઃ આકાશભાઇ પ્રકાશભાઈ પટેલ (ઉ.વ.૨૭)(રહે.પુલીન સોસાયટી વિભાગ–૦૪ પાયલનગર રોડ નરોડા) તા.૦૮/૧૦/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નરોડા ખોડીયાર માતા મંદિર નજીક જલસા ફુડ પોઈન્ટ નામની દુકાન આગળથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ આકાશભાઇ પટેલના ગળામાંથી બ્લેક પ્લેટીનીયમ વાળી સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ આકાશભાઈ પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૫**

ચાંદખેડાઃ અમિબહેન વા/ઓ અમરતભાઇ પરમાર (ઉ.વ.૭૫)(રહે. આબુગીરી નાકોડા સોસાયટી ઉમા ભવાની ફાટકની બાજુમાં ચાંદખેડા) તા.૦૯/૧૦/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ઉમા ભવાની ફાટક ખાતે પીલર નંબર ૭૭૪/૨૪ અને પીલર નંબર ૭૭૪/૨૫ વચ્ચે રેલવેના પાટા ઓળંગતા હતા ત્યારે ટ્રેઇનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૫**

રામોલઃ નિલય સુરેશભાઇ પટેલ (ઉ.વ.૨૭)(રહે. પ્રેયોશા પેરેડાઈઝ મારુતી સુઝુકી શો–રૂમ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી